BAOU Education for All | Dr. Babasaheb Ambedkar Open University (Established by Government of Gujarat) | NAAC ACCREDITED A++ | 3rd Rank nirf 2024

A Refereed and Peer-Reviewed International e-Journal of Humanities and Social Sciences

Website: http://jyotirmay.baou.edu.in/chaitanya/ Email: chaitanya.ejournal@baou.edu.in

|| चैतन्य || CHAITANYA ISSN: 2582 2802

**Year–07, Volume –07, Issue–01, March–2026**

# ટેલિવિઝન રેટીંગ પૉઇન્ટ્સ (TRP)

– **Aarambhadiya Divya Sanjaybhai**

**સારાંશ (Abstract):**

TRP સિસ્ટમ ટી.વી. શૉ (TV Show) અને ફિલ્મી મનોરંજનની દુનિયામાં ઘણી જ ઉપયોગી સાબિત થાય છે, જે ફિલ્મી સીરિયલ અને મનોરંજન-ક્ષેત્રમાં સફળતા અને નિષ્ફળતા છતી કરે છે. આથી ફિલ્મી સીરિયલ, મનોરંજન, ટી.વી. શૉ, કાર્ટૂન (Cartoons), વેબ શૉ (Web Shows) વગેરેના રોકાણકારો અને પ્રોડ્યુસરોને TRP દ્વારા આગળની રાહ અને બિઝનેસની અનેક સમસ્યાઓથી અવગત કરવામાં આવે છે. તેમણે રોકાણ કરવું યોગ્ય છે કે કેમ, તે અંગે સરળતાથી જાણી શકાય છે.

પ્રસ્તુત સંશોધન-અભ્યાસમાં TRPને માપવા માટેની મુખ્ય પદ્ધતિઓ BAR-O-METER પદ્ધતિ અને People METER પદ્ધતિ, TRP માપવા માટેની ગણતરીની રીત, TRP સંલગ્ન વિશેષતાઓ; જેમ કે, TRP દેશના અર્થતંત્ર માટે કઈ રીતે ઉપયોગી છે, TRP-જાહેરાતો દ્વારા વધુ આવક મેળવી શકાય છે કે કેમ, ઉચ્ચ TRP ફાયદાકારક નીવડી શકે છે કે કેમ, તેની નોકરી અને રોજગાર પર અસર પડી શકે છે કે કેમ, વપરાશકર્તાનું વર્તન અને બજારની સમજ મેળવી શકાય છે, TRPના માધ્યમ દ્વારા લોકો કયા પ્રકારની વસ્તુઓ અને સામગ્રીઓની માગણી કરે છે, TRP બિઝનેસ અને બ્રાન્ડ સાથે ગ્રાહકલક્ષી સંબંધ ધરાવે છે, ચૅનલ-વેચાણકર્તાઓ અને પસંદ કરનારને કોઈ લાભ થઈ શકે છે, ભારત દેશમાં અને આંતરરાષ્ટ્રીય સ્તરે કોઈ ફેરફાર સર્જી શકાય તેમ છે, ચીજવસ્તુઓના નિર્માતાને લાભદાયક નીવડી શકે છે, TRP દ્વારા મીડિયા ઇન્ડસ્ટ્રીને કોઈ ફાયદો થઈ શકે છે, TRPની કોઈ વ્યાપક અસર અર્થતંત્ર પર પડી શકે છે, TRP સાથેનું માધ્યમ, TRPની રૂપિયામાં ગણતરી, TRP દેશની સૉફ્ટ પાવર (Soft Power) છે કે કેમ, TRP અને વિદેશી ચલણ, ફિલ્મ-ટૂરિઝમને પ્રોત્સાહન, સ્થાનિક ઉદ્યોગો માટે રોજગારસર્જન, દેશની અર્થવ્યવસ્થા માટે ઓવરઑલ ગ્રોથ (Overall Growth) વગેરે બાબતો દર્શાવવામાં આવી છે; જેનો અભ્યાસ મહત્ત્વનો રહ્યો હતો.

**ચાવીરૂપ શબ્દો (Keywords):** મનોરંજન, ઉદ્યોગ, મીડિયા, ગ્રાહક, પ્રવાહ.

---

**પ્રસ્તાવના:**

TRP એટલે કે ટાર્ગેટ રેટિંગ પૉઇન્ટ (Target Rating Point) અથવા ટેલિવિઝન રેટિંગ પૉઇન્ટ (Television Rating Point). પ્રસ્તુત સિસ્ટમ મનોરંજનની દુનિયામાં ઘણી જ ઉપયોગી નીવડી રહી છે. જે ફિલ્મી સીરિયલ અને મનોરંજન ક્ષેત્રમાં સફળતા અને નિષ્ફળતા છતી કરે છે. TRP દ્વારા ટી.વી. શૉ (TV Show), કાર્ટૂન (Cartoons), વેબ શૉ (Web Shows) વગેરેની વર્તમાન પ્રસિદ્ધિ જાણી શકાય છે. આથી ફિલ્મી

Chief – Editorial Board: Prof. Ami Upadhyay, Hon'ble Vice Chancellor, BAOU, Ahmedabad.
Editor: Prof. Yogendra Parekh

સીરિયલ, મનોરંજન, ટી.વી. શૉ, કાર્ટૂન, વેબ શૉ વગેરેના રોકાણકારો અને પ્રોડ્યુસરોને TRP દ્વારા આગળ રાહ બતાવે છે. જેમાં તેણે રોકાણ કરવું યોગ્ય છે કે કેમ? તે સરળતાથી જાણી શકાય છે. જે કોઈ પણ લોકપ્રિયતાને સેકંડોમાં આંતરરાષ્ટ્રીય સ્તરે પહોંચાડી દેશની આવકમાં વધારો નોંધે છે. જે ફિલ્મ ઇન્ડસ્ટ્રી અને ટૂરિઝમ ઇન્ડસ્ટ્રીને વેગ આપે છે. તેથી દેશમાં રોજગારી અને ફિલ્મ ઇન્ડસ્ટ્રી ઉત્પાદકતામાં વધારો કરી શકાય છે.

**હેતુઓ:**

- TRPની સામાન્ય સમજ મેળવવી.
- TRP સંલગ્ન પદ્ધતિ, ગણતરી અને વિશેષતાઓનો અભ્યાસ કરવો.

**સંશોધન પદ્ધતિ:**

- પ્રસ્તુત સંશોધન વર્ણનાત્મક સંશોધન પદ્ધતિનો આધાર લઈ ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવેલ છે.

**સંદર્ભ સાહિત્યની સમીક્ષા:**

**Uday Bhave (2015) Television Rating Point Prediction Using Neural Network:**

ઉચ્ચ સ્પર્ધાત્મકતા માટે ટેલિવિઝનમાં ઉત્પાદનની જાહેરાત એ એક મહત્ત્વપૂર્ણ પાસું છે અને ગ્રાહકો માટે પણ તે વિશ્વાસપાત્ર હોવું જોઈએ. જે ટેલિવિઝન રેટિંગ પૉઇન્ટ્સ (TRP) પર અંદાજ લગાવવામાં આવે છે. જે વ્યક્તિગત સમયમાં ટેલિવિઝન પ્રોગ્રામના દર્શકોની સંખ્યા નક્કી કરવા માટે ઉપયોગી નીવડે છે.

**Sunil Patil (2015) Challenges And Opportunities Of Television Rating Point And Television Audience Measurement In India:**

TRP એટલે ટેલિવિઝનના માધ્યમો દ્વારા વિવિધ પ્રકારના ચેનલ સંકેતો અને મનોરંજનનો સમૂહ. જે ભારતમાં કાંઈ નવું નથી, તે વર્ષ 1993થી અસ્તિત્વ ધરાવે છે. જાહેરાતકર્તાઓ, બ્રૉડકાસ્ટર્સ અને મીડિયા એજન્સીઓ યોગ્ય રકમનું રોકાણ કરે છે અને રેટિંગ એજન્સીઓમાં મોટા પ્રમાણમાં વ્યાજ ધરાવે છે.

**Kavin Prakash (2023) A Novel Approach to Predict Popularity Rating Using KNN and SVD:**

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં આ વ્યસ્ત દુનિયામાં, આપણામાંથી દરેક વ્યક્તિ આપણી મનપસંદ રમતો રમીને, ફિલ્મો જોઈને, સોશિયલ મીડિયા પ્લૅટફૉર્મ જોઈને વગેરે જેવી ચોક્કસ પ્રવૃત્તિઓ કરીને શાંતિનો સમય ઇચ્છે છે. તેમાં સૌથી વધુ લોકપ્રિય સોશિયલ મીડિયા પ્લૅટફૉર્મ છે. ક્રાઇમ, થ્રિલર, પ્રેમ અને લાગણીઓ જેવી વિવિધ શૈલીઓની ફિલ્મો જોઈને તણાવ ઘટાડી શકાય છે. ઘણાં સોશિયલ મીડિયા પ્લૅટફૉર્મ ઉપલબ્ધ છે, જેમ કે ડિઝની, હૉટસ્ટાર, ઍમેઝોન પ્રાઇમ વીડિયો, નેટફ્લિક્સ, વગેરે. પ્રોગ્રામ બ્રૉડકાસ્ટર માટે આ સોશિયલ પ્લૅટફૉર્મ માટે TRP શોધવી જરૂરી બને છે.

**Nikhil Kumar (2023) Correlation Analysis Between the TRP and IPL Cricket Matches:**

વર્ષ 2008થી 2021 દરમિયાન રમાયેલી કુલ ક્રિકેટ મૅચોની સંખ્યા અને TRP (ટેલિવિઝન રેટિંગ પૉઇન્ટ) વચ્ચેના સહસંબંધની તપાસ કરવાનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. રમાયેલી મૅચોની સંખ્યાને ક્રિકેટની લોકપ્રિયતાના સૂચક તરીકે ગણવામાં આવી, TRP રેટિંગનો ઉપયોગ ક્રિકેટ મૅચના દર્શકોને માપવા માટે કરવામાં આવતો હતો અને આંકડાકીય પદ્ધતિ સહસંબંધ વિશ્લેષણાત્મક અભ્યાસ કરવામાં આવ્યો હતો.

**Minakshi Sharma (2024) The Role Of Media And Game Of TRP:**

મીડિયા જે દેશના જાહેર અભિપ્રાયને સમાજમાં પ્રભાવિત કરે છે. લોકોમાં જાગૃતિ લાવવા અને સરકાર સાથે જોડાવા માટે મીડિયા પર ખૂબ જ આધાર પડે છે. જોકે, કેટલીક નકારાત્મક વિભાવનાઓ પણ અસ્તિત્વમાં આવી છે. જે મીડિયા અહેવાલોની સત્યતા પર શંકા કરે છે.

**TRP - Television Rating Point / Television Ranking Point**

**TRPની સામાન્ય સમજ:**

TRP એટલે કે Target Rating Point અથવા Television Rating Point પણ કહેવાય છે. પ્રસ્તુત સિસ્ટમ મનોરંજનની દુનિયામાં ઘણી જ ઉપયોગી નીવડી રહી છે. જે ફિલ્મી સીરિયલ અને મનોરંજન ક્ષેત્રમાં સફળતા અને નિષ્ફળતા છતી કરે છે. TRP દ્વારા Tv show, cartoons, web shows વગેરેની વર્તમાન પ્રસિદ્ધિ જાણી શકાય છે. આથી ફિલ્મી સીરિયલ, મનોરંજન, Tv show, cartoons, web shows વગેરેના રોકાણકારો અને પ્રોડ્યુસરોને TRP દ્વારા આગળ રાહ બતાવે છે. જેમાં તેણે રોકાણ કરવું યોગ્ય છે કે કેમ, તે સરળતાથી જાણી શકાય છે. જે કોઈ પણ લોકપ્રિયતાને સેકન્ડોમાં આંતરરાષ્ટ્રીય સ્તરે પહોંચાડી દેશની આવકમાં વધારો નોંધે છે. જે ફિલ્મ ઇન્ડસ્ટ્રી અને ટૂરિઝમ ઇન્ડસ્ટ્રીને વેગ આપે છે. તેથી દેશમાં રોજગારી અને ફિલ્મ ઇન્ડસ્ટ્રી ઉત્પાદકતામાં વધારો કરી શકાય છે.

**TRPને માપવા માટે મુખ્ય બે પદ્ધતિઓ:**

1. **BAR-O-METER પદ્ધતિ** ભારતમાં Broadcast Audience Research Council (BARC) TRP માપવા માટેની જવાબદાર સંસ્થા છે. લોકોના ઘરોમાં BAR-O-METER નામક ઉપકરણ લગાવવામાં આવે છે, જે નક્કી કરે છે કે કઈ ચૅનલ, કયા સમયગાળામાં અને કેટલા લોકો દ્વારા પસંદ કરવામાં આવી રહી છે. પ્રસ્તુત ઉપકરણ ડેટા એકત્ર કરી, તેનું વિશ્લેષણ કરી, ત્યારબાદ TRP Report તૈયાર કરી આપે છે.
2. **People METER પદ્ધતિ** લોકોના ઘરોમાં People METER નામક ઉપકરણ લગાવવામાં આવે છે. જે લોકો દ્વારા પસંદ કરવામાં આવેલ ચૅનલોનો રેકૉર્ડ રાખે છે. દર 7 દિવસ પછી અથવા દર મહિને ડેટા એકત્ર કરીને TRP રેટિંગ નક્કી કરવામાં આવે છે. પ્રસ્તુત ઉપકરણ મોટા સમૂહના લોકોમાં ઘરોમાં મૂકવામાં આવે છે. જેથી નમૂનાકીય ડેટાના આધારે દેશભરના દર્શકોની પસંદગીઓ વિશે અંદાજ મેળવી શકાય છે.

**TRP માપવા માટેની ગણતરી:**

- TRP માપવા માટેની સામાન્ય ગણતરી નીચે મુજબ કરી શકાય છે: ચૅનલ જોનારા લોકોની સંખ્યા / કુલ ટેલિવિઝન દર્શકો × 100

**TRP સંલગ્ન વિશેષતાઓ:**

કોઈ પણ ચૅનલની વધુ TRP દેશના અર્થતંત્ર માટે કઈ રીતે ઉપયોગી બની શકે છે. કોઈ એક ટેલિવિઝન પર એક ચૅનલની TRP વધુ હોય તો તે માત્ર એ ચૅનલ કે શૉ માટે જ નફાકારક નથી, પરંતુ તે આર્થિક રીતે દેશ માટે પણ નફાકારક છે. જેની મુખ્ય વિશેષતાઓ નીચે પ્રમાણે છે:

**જાહેરાત દ્વારા વધુ આવક:**

- ઉચ્ચ TRP ધરાવતી ચૅનલો અથવા શૉ વધુ જાહેરાતદારોને આકર્ષે છે. દા.ત., Tv Showના Actor અને Actress અનેક વસ્તુઓની જાહેરાતોમાં.
- બિઝનેસ કંપનીઓ કે વ્યાપારીઓ લોકપ્રિય શૉ કે ચૅનલોના માધ્યમો દ્વારા પોતાની વ્યક્તિગત આર્થિક સ્થિતિને વેગ આપવા માટે પ્રયત્નો કરે છે અને Tv Showના Actor અને Actressને મોટી રકમ ચૂકવે છે.
- આમ, ટેલિવિઝન અને મનોરંજનની દુનિયા ચીજવસ્તુઓની માંગોમાં પણ વધારો નોંધે છે.

**નોકરી અને રોજગાર પર અસર:**

- ઊંચી TRP ધરાવતા Tv Show અને ચૅનલો, બિઝનેસ કંપનીઓ કે વ્યાપારીઓ સાથે કરાર અને વધુ ખર્ચ કરી પોતાના ધંધાકીય એકમોનો વિકાસ અને વિસ્તાર કરે છે.
- આ ઉપરાંત TRP વધતાં Tv Show અને સીરિયલના માધ્યમ દ્વારા અભિનય, દિગ્દર્શન, રાઇટિંગ, એડિટિંગ, કૅમેરામૅન, લાઇટિંગ, માર્કેટિંગ, મીડિયા વગેરે સંબંધિત અનેક નોકરી અને રોજગારલક્ષી તકોમાં વધારો નોંધાય છે.
- જાહેરાત દ્વારા પણ વધુ ગ્રાફિક ડિઝાઇનર, માર્કેટિંગ ઍક્સપર્ટ અને બ્રાન્ડ મૅનેજર્સ માટે પણ નવી રોજગારીની તકો ઊભી કરી શકાય છે.
- આમ, TRPનો પ્રત્યક્ષ સંબંધ નોકરી અને રોજગાર પર પડતો જણાય છે.

**વપરાશકર્તા વર્તન અને બજારની સમજ:**

- TRPના માધ્યમ દ્વારા નક્કી કરવામાં આવે છે કે લોકો કયા પ્રકારની વસ્તુઓ અને સામગ્રીઓની માગણી કરી રહ્યા છે.
- બિઝનેસ અને બ્રાન્ડ બંને સાથે મળીને માહિતીને ગ્રાહકલક્ષી બનાવવામાં ઉપયોગી નીવડી શકે છે.
- OTT પ્લૅટફૉર્મ જેમ કે, Netflix, Amazon Prime, Youtube વગેરે પણ TRP જેવા ડેટા પરથી નવી સ્ટોરી અને શૉની મૉડલ ડિઝાઇન કરે છે.

**વેચાણકર્તાઓને લાભ:**

- ભારત દેશમાં અને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ કેટલાક ઍનિમેશન અને કાર્ટૂન TRP દ્વારા જાણવા મળતાં લોકપ્રિય બન્યા છે, આથી તેની સાથે જોડાયેલ તમામ ટીમો અને કિરદારોને પણ આર્થિક લાભો પ્રાપ્ત થઈ રહેતા હોય છે.
- આ તમામ ટીમો અને કિરદારો દ્વારા વેચાણ એકમો કે જીવનજરૂરી ચીજવસ્તુ અને સેવાઓમાં તેની ઇમેજિસ જાહેરાતનું કામ કરી વેચાણકર્તાઓને વધુ આર્થિક ફાયદાઓ અર્પે છે. દા.ત., લોકપ્રિય કિરદારની વાત કરીએ તો, છોટા ભીમ, નરુટો, ડોરેમૉન, ઓગી, શિનચૅન, પોકેમૉન વગેરેની ઇમેજિસ પૅન્ટ, શર્ટ, વૉટર બૉટલ, કંપાસ બૉક્સ, લંચ બૉક્સ, રાઇટિંગ પૅડ, નોટબુક્સ, સ્કૂલ બૅગ વગેરેના ઉપર લગાવતાં તેનું વેચાણ સતત વધે છે.

- આમ, વેચાણકર્તાઓ કોઈ પણ શૉ, કાર્ટૂન કે અન્ય કોઈ પણ ટી.વી. પ્રોગ્રામની લોકપ્રિયતાનો અંદાજ તેની TRPમાંથી પ્રાપ્ત કરી પોતાનું વેચાણકાર્ય વધારવા માટેના પ્રયાસો હાથ ધરે છે અને તેને અસાધારણ નફો પ્રાપ્ત થાય છે.

**કોઈ પણ ચીજવસ્તુઓનાં નિર્માતાને લાભદાયક:**

- કોઈ પણ ચીજવસ્તુઓનાં નિર્માતાને પોતાની ચીજવસ્તુઓના સારા વેચાણ માટે T.V. TRP ઉપયોગી નીવડે છે.
- જેમ કે, કોઈ પણ ટી.વી. સીરિયલ, કાર્ટૂન, વેબ સિરીઝ વગેરેના Actor અને Actressની જેટલી લોકપ્રિયતા છે તેટલી લોકપ્રિયતા તેના વેચાણકાર્યમાં વધારો દર્શાવી શકે છે તે હેતુથી તે જાહેરાત કરે છે.
- દા.ત., હાલમાં લોકપ્રિયતા મેળવેલ ટી.વી. સીરિયલ 'અનુપમા'માં મુખ્ય ભૂમિકા ભજવનાર રૂપાલી ગાંગુલી દ્વારા કેટલીક જાહેરાતો કરવામાં આવી હતી; જેમ કે, આશીર્વાદ આટા, ટાટા ટી પ્રીમિયમ, રામદેવ હિંગ તડકા વગેરે. આથી વેચાણ અને ઉત્પાદન બંનેમાં સારા એવા પ્રમાણમાં વધારો જોવા મળે છે.

**મીડિયા ઇન્ડસ્ટ્રી માટે લાભદાયક:**

- ટેલિવિઝન ચૅનલો અને પ્રોડક્શન હાઉસ વધુ TRP મેળવવા માટે ગુણવત્તાયુક્ત સામગ્રી બનાવીને વધુ દર્શકો ખેંચી લાવે છે. TRP વધારે હોય તો તે ચૅનલ વધુ જાહેરાત દ્વારા પણ અઢળક નફો કમાઈ શકે છે. જે ઓછી TRP ધરાવતી ચૅનલોને ગુણવત્તાયુક્ત કામગીરીઓ માટે પ્રોત્સાહિત કરે છે.
- આમ, TRP વધારવા માટે TV SHOW અને ચૅનલો COMPETITION FOR QUALITY CONTENTને જાળવી રાખવા અનેક પ્રકારના પ્રયાસો હાથ ધરતાં હોય છે.

**અર્થતંત્ર પર વ્યાપક અસર:**

- ઉચ્ચ TRPના TV SHOW અને ચૅનલો વધુ જાહેરાત આવક પણ મેળવે છે, જે દેશના મીડિયા અને મનોરંજન ઇન્ડસ્ટ્રીને મજબૂત બનાવે છે.
- વિશ્વસ્તરીય બ્રાન્ડ, ભારત જેવા દેશમાં મોટી જાહેરાત કરવા માટે TRP ડેટા એકત્ર કરી વિદેશી કંપનીઓ પણ વધુ TRP ધરાવતા રોકાણકારોમાં રોકાણ કરે છે. જેથી દેશમાં વિદેશી હૂંડિયામણની અનામતોમાં વધારો નોંધાય છે.

TRP ડેટા બજારને સમજવામાં મદદરૂપ બની નવા સ્ટાર્ટઅપને પ્રોત્સાહિત કરે છે તેમજ દેશના ઉદ્યોગ-ધંધાને વિકસાવી શકે છે.

**TRP અને લોકપ્રિયતા:**

- 3.0 + TRP => ઉચ્ચ TRP => Super Hit => ખૂબ જ સારી લોકપ્રિયતા
- 2.0 + TRP => મધ્યમ TRP => Hit => સારી લોકપ્રિયતા
- 1.0 + TRP => સરેરાશ TRP => Hit => સામાન્ય લોકપ્રિયતા
- 1.0થી ઓછી + TRP => Losses TRP => બંધ થવાની સંભાવના => ખૂબ ઓછી લોકપ્રિયતા

**TRP રૂપિયામાં:**

| TRP | રેન્ક (રૂપિયામાં) |
|---|---|
| 1.00 | 0.22 |
| 5.00 | 1.08 |
| 10.00 | 2.17 |
| 50.00 | 10.84 |
| 100.00 | 21.68 |
| 250.00 | 54.21 |
| 500.00 | 108.42 |
| 1000.00 | 216.85 |

Source : BARC INDIA (2023)

જો કોઈ વેબ સિરીઝ અથવા Tv Show આંતરરાષ્ટ્રીય સ્તરે લોકપ્રિય બને, તો તે દેશના મીડિયા ઇન્ડસ્ટ્રી સાથે સાથે દેશના આર્થિક વિકાસ અને દેશની સંસ્કૃતિને પણ સાનુકૂળ રીતે પ્રભાવિત કરે છે.

**દેશના Soft Power દ્વારા પ્રચલિત સંસ્કૃતિ:**

- જે દેશની કથાવાર્તા, સંસ્કૃતિ, ભાષા અને કલાકારોને વૈશ્વિક સ્તરે પ્રચલિત થાય, તે દેશના પ્રતિષ્ઠાને મજબૂત બનાવે છે તેમજ દેશની સંસ્કૃતિને અન્ય દેશમાં પણ જાગૃત કરે છે.
- દા.ત., 'મનીહાઇસ્ટ' (સ્પેઇન) અને 'સ્ક્વિડ ગેમ' (દક્ષિણ કોરિયા) આંતરરાષ્ટ્રીય સ્તરે ઉચ્ચ લોકપ્રિય થતાં તેમની અસર સંસ્કૃતિ અને મનોરંજનની રીતે દેશને અન્ય દેશમાં એક નવી ઓળખ આપે છે.

**વિદેશી ચલણ:**

- જો કોઈ Show જેમ કે Netflix, Amazon Prime, Hotstar વગેરે જેવાં વૈશ્વિક સ્ટ્રીમિંગ પ્લૅટફૉર્મ પર રિલીઝ થાય, તો તે પ્લૅટફૉર્મ તે શૉના પ્રસારણહક્કો માટે દેશના નિર્માતાઓને મોટી રકમ ચૂકવે છે. આ ઉપરાંત DVD વેચાણ, Merchandise અને રિમેક રાઇટ્સ દ્વારા પણ દેશને મોટી રકમ અપાવે છે.

**ફિલ્મ ટૂરિઝમને પ્રોત્સાહન:**

- જો કોઈ શૉની શૂટિંગ વિશિષ્ટ લોકેશન પર થાય અને તે લોકપ્રિય બને, તો તે લોકેશન પર વિદેશી પ્રવાસીઓનો પ્રવાહ વધે છે. જેમ કે, Game of Thronesના કારણે Croatia ટૂર વધી હતી.
- ભારતમાં પણ 'જિંદગી મિલેગી ના દોબારા' અને 'યે જવાની હે દિવાની' ફિલ્મો પછી સ્પેઇન અને મનાલી, ઉત્તરાખંડમાં ટૂરિઝમ ઇન્ડસ્ટ્રીને વેગ મળ્યો હતો.

**સ્થાનિક ઉદ્યોગો માટે રોજગારસર્જનઃ**

- એક સફળ શૉ દેશની ફિલ્મ અને મનોરંજન ઇન્ડસ્ટ્રીને મજબૂત બનાવે છે, જેનાથી નવા સર્જકો, લેખકો, સંગીતકારો, કલાકારો વગેરે માટે નવી રોજગારલક્ષી તકો ઊભી કરે છે.
- દક્ષિણ કોરિયામાં K-Dramas અને K-popના કારણે સ્થાનિક મીડિયા ઇન્ડસ્ટ્રીમાં રોજગારીની તકો વધવા પામી છે.

**દેશની અર્થવ્યવસ્થા માટે Overall Growth:**

- TRP દ્વારા નવાં વિદેશી રોકાણો થાય છે.
- OTT પ્લૅટફૉર્મ દ્વારા ટેક્સ રેવન્યુ પ્રાપ્ત થાય છે.
- સ્થાનિક વાર્તાઓ અને ભારતીય સંસ્કૃતિને લગતી તમામ બાબતો આંતરરાષ્ટ્રીય સ્તરે વિકસાવે છે.
- ફિલ્મો દ્વારા TRP અને TRP દ્વારા લાખો-કરોડો લોકોને રોજગાર મળી રહે છે.

**ઉદાહરણ તરીકે,**

- ‘સ્ક્વિડ ગેમ’ (સાઉથ કોરિયા) Netflix પર Hit થતાં દક્ષિણ કોરિયાના મનોરંજન ઇન્ડસ્ટ્રીમાં બિલિયન ડૉલરનું રોકાણ થયું હતું.
- ‘Money Heist’ (Spain) show માટે વૈશ્વિક સ્તરે નવી રોકાણ તકો ઊભી થઈ હતી.
- ‘RRR’ (India) ઑસ્કર ઍવૉર્ડ અને Netflix Hit બનતાં, ભારતીય સિનેમાને વધુ વિદેશી રોકાણકારો મળ્યા હતા.

**તારણોઃ**

- TRP એટલે કે Target Rating Point સિસ્ટમ મનોરંજનની દુનિયામાં ફિલ્મી, સીરિયલ અને મનોરંજન ક્ષેત્રમાં સફળતા અને નિષ્ફળતા છતી કરવાનું કામ કરે છે.
- TRPને માપવા માટે મુખ્ય બે પદ્ધતિ પ્રચલિત છેઃ BAR-O-METER પદ્ધતિ અને People METER પદ્ધતિ.
- પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં TRP માપવા માટેની ગણતરીની સામાન્ય બાબત પણ ચર્ચા કરવામાં આવી છે. જેમાં ચૅનલ જોનારા લોકોની સંખ્યા અને ટેલિવિઝન દર્શકોનો ગુણોત્તર કરવામાં આવે છે.
- ટેલિવિઝન ચૅનલની TRP વધુ હોય તો તે નફાકારક નીવડી રહે છે તેવી બાબતો સ્પષ્ટ કરવામાં થઈ હતી.
- જાહેરાત દ્વારા ઉચ્ચ TRP ધરાવતી ચૅનલો અને શૉ, બિઝનેસ કંપનીઓ કે વ્યાપારીઓને પોતાની વ્યક્તિગત આર્થિક સ્થિતિ સુધારવા માટે તકો પૂરી પાડે છે.
- ઉચ્ચ TRP ટેલિવિઝનના માધ્યમો દ્વારા દુનિયા ચીજવસ્તુઓની માંગોમાં પણ વધારો નોંધાવે છે.
- ઊંચી TRP ધરાવતા Tv Show અને ચૅનલો, બિઝનેસ કંપનીઓ કે વ્યાપારીઓ સાથે કરાર અને વધુ ખર્ચ કરી પોતાના ધંધાકીય એકમોનો વિકાસ પણ કરે છે.
- TRP વધતાં Tv Show અને સીરિયલના માધ્યમ દ્વારા અભિનય, દિગ્દર્શન, રાઇટિંગ, એડિટિંગ, કૅમેરામૅન, લાઇટિંગ, માર્કેટિંગ, મીડિયા વગેરે સંબંધિત અનેક નોકરી અને રોજગારલક્ષી તકોમાં વધારો

નોંધાય છે. ઉપરાંત ગ્રાફિક ડિઝાઇનર, માર્કેટિંગ એક્સપર્ટ અને બ્રાન્ડ મૅનેજર્સ માટે પણ નવી રોજગારીની તકો ઊભી કરી શકાય છે.

- TRPના માધ્યમ દ્વારા બિઝનેસ અને બ્રાન્ડ બંને સાથે મળીને ગ્રાહકલક્ષી ચીજવસ્તુઓની જરૂરિયાતો સમજે છે.
- ભારત દેશમાં અને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ કેટલાક ઍનિમેશન અને કાર્ટૂન TRP દ્વારા જાણવા મળતાં લોકપ્રિય બન્યા છે, આથી તેની સાથે જોડાયેલ તમામ ટીમો અને કિરદારોને પણ આર્થિક લાભો પ્રાપ્ત થઈ રહ્યા છે.
- ચીજવસ્તુઓના નિર્માતાને પોતાની ચીજવસ્તુઓના સારા વેચાણ માટે TRP ઉપયોગી નીવડે છે.
- ટી.વી. સીરિયલ, કાર્ટૂન, વેબ સિરીઝ વગેરેના Actor અને Actressની જેટલી લોકપ્રિયતા છે તેટલી લોકપ્રિયતા ધંધા-વ્યવસાયોમાં જોવા મળે છે.
- મીડિયા ઇન્ડસ્ટ્રીમાં ટેલિવિઝન ચૅનલો અને પ્રોડક્શન હાઉસ વધુ TRP મેળવવા માટે ગુણવત્તાયુક્ત સામગ્રી બનાવીને વધુ ગ્રાહકો ખેંચી લાવે છે.
- TRP વધારે હોય તો તે ચૅનલ વધુ જાહેરાત દ્વારા પણ અઢળક નફો કમાઈ શકે છે. જે ઓછી TRP ધરાવતી ચૅનલોને ગુણવત્તાયુક્ત કામગીરીઓ માટે પ્રોત્સાહિત કરે છે.
- Competition For Quality Content દ્વારા TRP જાળવી રાખવા માટે અનેક પ્રકારના પ્રયાસો હાથ ધરતાં ભારતીય સંસ્કૃતિનું સુંદર આલેખન પણ થાય છે.
- ઉચ્ચ TRPના TV SHOW અને ચૅનલો વધુ જાહેરાત આવક પણ મેળવે છે, જે દેશના મીડિયા અને મનોરંજન ઇન્ડસ્ટ્રીને મજબૂત બનાવે છે.
- વિશ્વસ્તરીય બ્રાન્ડ, ભારત જેવા દેશમાં મોટી જાહેરાત કરવા માટે TRP ડેટા એકત્ર કરી વિદેશી કંપનીઓને પણ ભારતમાં વધુ રોકાણ કરવા પ્રોત્સાહિત કરે છે.
- TRP ડેટા બજારને સમજવામાં મદદરૂપ બની નવા સ્ટાર્ટઅપને પ્રોત્સાહિત કરે છે તેમજ દેશના ઉદ્યોગ-ધંધાને વિકસાવી શકે છે.
- ઉચ્ચ TRP 3.0, મધ્યમ TRP 2.0 અને ઓછી TRP 1.0 જોવા મળે છે.
- જો કોઈ વેબ સિરીઝ અથવા Tv Show આંતરરાષ્ટ્રીય સ્તરે લોકપ્રિય બને, તો તે દેશના મીડિયા ઇન્ડસ્ટ્રી સાથે સાથે દેશના આર્થિક વિકાસ અને દેશની સંસ્કૃતિને પણ સાનુકૂળ રીતે પ્રભાવિત કરે છે.
- જે દેશની કથાવાર્તા, સંસ્કૃતિ, ભાષા અને કલાકારોને વૈશ્વિક સ્તરે પ્રચલિત થાય, તે દેશના પ્રતિષ્ઠાને મજબૂત બનાવે છે તેમજ દેશની સંસ્કૃતિને અન્ય દેશમાં પણ જાગૃત કરે છે.
- જો કોઈ શૉની શૂટિંગ વિશિષ્ટ લોકેશન પર થાય અને તે લોકપ્રિય બને, તો તે લોકેશન પર વિદેશી પ્રવાસીઓનો પ્રવાહ વધે છે.
- એક સફળ શૉ દેશની ફિલ્મ અને મનોરંજન ઇન્ડસ્ટ્રીને મજબૂત બનાવે છે, જેનાથી નવા સર્જકો, લેખકો, સંગીતકારો, કલાકારો વગેરે માટે નવી રોજગારલક્ષી તકો ઊભી કરે છે.
- સ્થાનિક વાર્તાઓ અને ભારતીય સંસ્કૃતિને લગતી તમામ બાબતો આંતરરાષ્ટ્રીય સ્તરે વિકસાવે છે.

**સમાપન:**

આમ, TRP એ દુનિયાના તમામ દેશોને જોડે છે એટલે વૈશ્વિકરણનો તબક્કો ઊભો કરે છે અને ઘણા જ વિભાગોમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આપણા અને અન્ય દેશોના લોકોમાં એકતા અર્પે છે સાથે સાથે ટેલિવૂડ અને બૉલિવૂડ જેવી ફિલ્મ ઇન્ડસ્ટ્રીઓનો વિકાસ સાધે છે. જેના અનુસંધાને દેશના લાખો-કરોડો લોકોને રોજગારી પૂરી પાડે છે તેમજ દેશના આર્થિક વિકાસમાં મહત્ત્વનું પ્રદાન કરે છે.

**સંદર્ભ સૂચિ:**


- Bhave, U. (2015) *Television Rating Point Prediction Using Neural Network (1 june, 2025 10:21pm)*
- Patil, S.(2015) *Challenges And Opportunities Of Television Rating Point And Television Audience Measurement In India (5 june, 2025 8:32 pm)*
- Prakash, K. (2023) *A Novel Approach to Predict Popularity Rating Using KNN and SVD(8 june, 2025 9:43pm)*
- Kumar, N. (2023) *Correlation Analysis Between the TRP and IPL Cricket Matches (16 june, 2025 2:45pm)*
- Sharma, M. (2024) *The Role Of Media And Game Of TRP (1 june, 2025 10:21pm)*
- *https://www.barc.in (12 july, 2025 3:21pm)*
- *https://www.scribd.com (4 july, 2025 5:00pm)*
- *https://www.drishtiias.com (13 july, 2025 6:21pm)*
- *https://www.theglobalfund.org (16 july, 2025 1:30pm)*
- *https://www.researchgate.net (22 july, 2025 3:00pm)*
- *https://beincrypto.com/convert/truth-pay-to-in (1 july, 2025 10:21pm)*


**Aarambhadiya Divya Sanjaybhai,** Shree P. N. Varotariya Mahila Commerce College, Bhatiya.
Email: pg0363332@gmail.com